સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત GCERT, SSA
અને RMSA ના એકીકરણ, કામગીરી અને બેઠક
વ્યવસ્થા નક્કી કરવા બાબત..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : જશભ/૧૨૧૮/૬૩૮/ન
તા. ૦૧/૦૨/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણીક સંશોધન અને તાલીમ પરિષદ કચેરીનો તા.૦૩/૦૭/૨૦૧૮ ના પત્ર ક્રમાંક- જીસીઈઆરટી/મકમ/ઇસી/૩૦/૨૦૧૮/૩૫૩.

(૨) તા.૧૩/૮/૨૦૧૮ ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ.

આમુખ :

રાજ્યની જુદી જુદી ત્રણ કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ જેવી કે, ટીચર એજ્યુકેશન (GCERT),સર્વ શિક્ષા અભિયાન(SSA) અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન(RMSA) નું એકીકરણ કરી કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા નવા નામાભિધાન સમગ્ર શિક્ષા અભિયાન યોજનાને વર્ષ- ૨૦૧૮-૧૯ થી અમલી બનાવેલ છે.

આ યોજનાનો વ્યાપ પૂર્વ પ્રાથમિકથી શરૂ કરી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ (ધોરણ ૧ થી ૧૨) સુધી વિસ્તરેલ છે.જે અન્વયે તેઓ માટે યોજવાની થતી શિક્ષક તાલીમ જુદી જુદી સંસ્થાઓ જેવી કે,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT),સર્વ શિક્ષા અભિયાન (SSA),રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA),સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટ (STTI),સરકારના અન્ય વિભાગો અને બિન સરકારી સંગઠનો (NGO) દ્વારા આપવામાં આવતી હતી. સમગ્ર શિક્ષા અભિયાન અન્વયે યોજવાની થતી શિક્ષક તાલીમ કાર્યક્રમોની નોડેલ એજન્સી તરીકે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(GCERT)ને નક્કી કરી તેના સચારું સંચાલન અને અમલીકરણ માટેની કામગીરી તેમજ તેની બેઠક વ્યવસ્થા નક્કી કરવાનું રાજય સરકારની વિચારણા હેઠળ હતું.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે સમગ્ર શિક્ષા અંતર્ગત ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), સર્વ શિક્ષા અભિયાન (SSA) અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) ના એકીકરણ,કામગીરી અને બેઠક વ્યવસ્થા માટે નીચે મુજબ અમલમાં મુકવામાં આવે છે.

- સર્વ શિક્ષા અભિયાન (SSA) અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) ની તાલીમ શાખાઓને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)ની તાલીમ શાખા સાથે મર્જ કરી તાલીમ શાખાઓની કામગીરી માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)ના નિયંત્રણ હેઠળ તાલીમ સેલ શરૂ કરવાનો રહેશે.
- સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટ (STTI) ની હાલની સંચાલન વ્યવસ્થા નિયામકશ્રી,શાળાઓને બદલે હવેથી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) હસ્તક રહેશે.
- ગુજરાત રાજ્યમાં હવેથી તમામ સ્તરે યોજાતી (પૂર્વ પ્રાથમિક થી ધોરણ ૧૨) સેવાકાલીન શિક્ષક તાલીમનું સીધુ નિયંત્રણ રાજય કક્ષાએ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) હસ્તક તેમજ જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) હસ્તક રહેશે.
- વિવિધ ક્ષેત્રે કાર્ય કરતી અન્ય સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓએ શિક્ષક તાલીમ યોજવા માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)/સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) ની પૂર્વમંજૂરી લેવાની રહેશે.આથી માત્ર એક જ જિલ્લા પૂરતો કાર્યક્રમ હોય તે પ્રસંગે સબંધિત જિલ્લા

તાલીમ પરિષદ (GCERT) ને આ અંગેની જાણ કરવાની રહેશે.એકથી વધુ જિલ્લા માટેનો કાર્યક્રમ હોય ત.
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)ની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

- રાજ્ય કક્ષાએ : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), સર્વ શિક્ષા અભિયાન (SSA), રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) એ (પૂર્વ પ્રાથમિક થી ધોરણ ૧૨) સેવાકાલીન શિક્ષક કામગીરી અલગથી કરવાની ન હોવાથી, હવે આ સંસ્થાઓની તાલીમ શાખાએ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ની તાલીમ શાખા હેઠળ તાલીમ સેલમાં સંયુકતપણે કામગીરી કરવાની રહેશે.
- સર્વ શિક્ષા અભિયાન (SSA) દ્વારા આ તાલીમ સેલમાં ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) માં બે ઓફિસ આસિસ્ટન્ટની ફાળવણી કરવાની રહેશે.
- તાલીમ સેલની બેઠક વ્યવસ્થા સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટ (STTI) "વિદ્યાભવન", સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે નિર્ધારીત કરવામાં આવે છે. જે અન્વયે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT),સર્વ શિક્ષા અભિયાન (SSA) અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) ની તાલીમ શાખાઓના કર્મચારીઓએ આ સ્થળે - સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટ (STTI) ખાતે બેસવાનું રહેશે તેમજ તાલીમ સંબંધિત કામગીરી માટે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટ (STTI) ના ઇન્ફ્રાસ્ટ્રકચર અને માનવ સંસાધનનો ઉપયોગ કરવાનો રહેશે.
- જિલ્લા કક્ષાએ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)/જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત તાલીમ-કાર્યક્રમોમાં સર્વ શિક્ષા અભિયાન (SSA) અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) ના ઓફિસર ઇન્ચાર્જ ઓફ ટીચર ટ્રેનીંગ, બી.આર.સી. કો.ઓર્ડિનેટર, સી.આર.સી. કો.ઓર્ડિનેટર તેમજ બી.આર.પી.એ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો (DIET) ના માર્ગદર્શન અને સંકલનમાં કામગીરી કરવાની રહેશે. આ કર્મચારીઓના PAR/CR માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના (DIET) ના પ્રાચાર્યનો અભિપ્રાય મેળવવાનો રહેશે.
- પૂર્વ પ્રાથમિક થી ધોરણ ૧૨ ની સેવાકાલીન શિક્ષક તાલીમનો ખર્ચ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)ના ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટેના તાલીમ માટે ફળવાયેલ નાણામાંથી કરવાનો રહેશે તથા આગામી વર્ષથી પૂર્વ પ્રાથમિક થી ધોરણ ૧૨ ની સેવાકાલીન શિક્ષક તાલીમ માટે અલગથી જોગવાઇ કરાવી લેવાની રહેશે.

આ ઠરાવ સરકારશ્રીની આ વિભાગની સિંગલ ફાઇલ ઉપર તા. ૨૯/૦૧/૨૦૧૯ ના રોજની નોંધ પર મળેલ અનુમતિ અનવ્યે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના માન. રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.પી.ચૌહાણ)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ
ગાંધીનગર